ગાંધીનગર સમાચાર
તા. ૬-૮-૨૦૧૩, મંગળવાર

તંત્રી સ્થાનેથી.....

દુર્ગા સપાને ભારે પડશે

ઉત્તરપ્રદેશની જનતાએ બે યુવાન નેતાઓની ટક્કરમાં 'નેતાજી'ના હુલામણા નામે ઓળખાતા સમાજવાદી પાર્ટી સુપ્રીમોના ગુજરાતી સુપુત્ર અખિલેશ યાદવ પર કળશ ઢોળ્યો હતો. દિલ્હીથી વારંવાર ઉડાન ભરીને ઉત્તરપ્રદેશમાં ખાબકતા રાહુલ ગાંધીની સરખામણીમાં એને ગામડાં ખૂંદવા સાયકલ પર ફરતો પોતીકો છોકરો વહાલો લાગ્યો હતો. પરંતુ રાજકારણમાં એક વાર ટોચ પર પહોંચીને ટકી રહેવું ઘણું અઘરું છે. અખિલેશ યાદવ ગમે તેટલા શુભ ઈરાદા સાથે રાજકારણમાં પ્રવેશ્યા હોય પરંતુ એમની કારકિર્દીનો ગ્રાફ દિનપ્રતિદિન નીચે ને નીચે ઊતરી રહ્યો છે. ગ્રેટર નોઈડાનાં સબડિવિઝનલ મેજિસ્ટ્રેટ દુર્ગા નાગપાલને ખનન માફિયાઓની ભલામણથી તત્કાળ સસ્પેન્ડ કરીને એમણે પોતાની પ્રતિષ્ઠા તળિયે લાવી મૂકી છે. ખુદ સોનિયા ગાંધીને વડાપ્રધાન પર પત્ર લખી દુર્ગા નાગપાલ જેવા સનદી અધિકારીઓને અન્યાય ન થાય તે જોવાની ભલામણ કરવાની ફરજ પડી, તે શું સૂચક નથી? દુર્ગા ફક્ત ૨૮ વર્ષની યુવા આઈએએસ છે. આ વયે ઘટમાં ઘોડા ઠણઠણતાં હોય છે. અન્યાય સામે ઝીંક લેવાની જીદ પણ આવા નાની વયના અધિકારીઓ જ કરતા હોય છે. પછી જેમ જેમ ઘડાતા જાય, કઠોર વાસ્તવ સાથે પનારો પડતો જાય તેમ એ પણ રેઢિયાળ અને તંત્રવાહકોને અનુકૂળ બની જતા હોય છે. ભાગ્યે જ કોઈ સિનિયર આઈએએસ કે આઈપીએસ અધિકારી મુખ્યમંત્રી જેવા સત્તાધીશ સામે પડવાનું પસંદ કરતો હોય છે. બલકે મુખ્યમંત્રીનો હુકમ ઝીલી એમને વહાલા થવા માટે બ્યુરોક્રસીમાં કેવી હોડ જામે છે તે આપણી નજર સામે છે. આવા સંજોગોમાં એક યુવાન મહિલા સનદી અધિકારીએ તે જાણવા છતાં કે ખનન માફિયા લોબી મુખ્યમંત્રી પર દબાણ લાવી પોતાની કારકિર્દી જોખમમાં મૂકી શકે એમ હતી- આ મર્દ મહિલાએ કડક પગલાં ભરી એ લોકોના નાકે દમ લાવી દીધો. આખરે એના માઠાં ફળ તો એને મળીને જ રહ્યાં. ધારાસભ્ય નરેન્દ્ર ભાટીએ મુલાયમસિંહ અને અખિલેશ પર દબાણ આણી ફક્ત ૪૧ મિનિટમાં ડેપ્યુટી કલેક્ટર(એસડીએમ) દુર્ગા નાગપાલને સસ્પેન્ડ કરાવી એમની હેસિયતનું ભાન કરાવી દીધું. બહાનું અવૈધ ખનનને બદલે રમજાનના પવિત્ર મહિનામાં ગેરકાયદેસર રીતે બંધાઈ રહેલી મસ્જિદની દીવાલ ધ્વસ્ત કરી દઈ સાંપ્રદાયિક સૌહાર્દ બગાડવાનું બતાવાયું. પરંતુ ખુદ ડીએમ (કલેક્ટર) દ્વારા કરાયેલ સ્પષ્ટતા મુજબ દીવાલ દુર્ગાના આદેશથી નહોતી તોડાઈ. ગામ લોકોએ જાતે જ દીવાલ તોડી નાખી હતી. આમ એક તરફ આખી આઈએએસ લોબીએ એક અવાજે દુર્ગા નાગપાલના સસ્પેન્શનનો વિરોધ કર્યો છે તો બીજી તરફ સમાજવાદી પાર્ટીના નેતાઓ મુખ્યમંત્રીએ લીધેલ પગલાનો બચાવ કરી રહ્યા છે. વરિષ્ઠ મંત્રી આઝમખાને તો ગ્રેટર નોઈડા (ગૌતમ બુદ્ધનગર)ના ડીએમને પણ 'કોડ ઓફ કન્ડક્ટ'નો ભંગ કરી માહિતી લીક કરવા બદલ સસ્પેન્ડ કરવાની માગણી કરી છે. રાજકારણીઓ માટે આવો મુદ્દો અણધારી તક બલકે મહાલાભ બની રહેતો હોય છે. ભાજપ, કૉંગ્રેસ અને બસપા સુપ્રીમો માયાવતી સહિતના હિત ધરાવતા નેતાઓએ દુર્ગા નાગપાલની તરફેણમાં નિવેદનબાજી શરૂ કરી છે. સોનિયા ગાંધી સુદ્ધાંને આ મામલે સક્રિય થવું પડ્યું તે આખી ઘટનાના રાજકીય સંદર્ભની મહત્તાનો અહેસાસ કરાવે છે. દુર્ગા હાલપૂરતી તો એક સળગતી મશાલ બની ચૂકી છે. એ કોને બાળશે ને કોને અજવાળશે એ તો સમય જ બતાવી શકશે.

ધોળો વાળ !!!

ફરી ફરીને પાથી પાડતો
સફેદ વાળ તોય ના છૂપાતો
મનથી તો હજુ વિસનો હું
આ નાલાયક ઉંમર બતાડતો !!
પ્રવાસમાં બાજુની સીટમાં મારા
જ્યારે સુંદર યુવતી બેસતી

આંખો પર ગોગલ્સ ચઢાવી હું
ચોથીછુપીથી એને જોયાં કરતો
વાતચીતની અમારી
શરૂઆતમાં
એ પણ હસતી, હું પણ હસતો
પછી એ જ્યારે 'અંકલ'
બોલતી
ઉત્સાહનાં ફુગ્ગાની હવા
નીકળતી
મનથી તો હજુ વિસનો હું
ધોળો વાળ આ ઉંમર દેખાડતો !!
ફેસબુક પર મુકેલો મસ્ત ફોટો
ફ્રેન્ડ રિક્વેસ્ટથી હું મલકાતો
સુંદર છોકરીઓ સાથે ચેટ કરવામાં
આખો દિવસ હું મચેલો રહેતો
જ્યારે એ મને 'ભાઈ' સંબોધતી
ચિટીંગ કરવાનાં ધંધામાં હું ફસાતો
મનથી તો હજુ વિસનો હું
ધોળો વાળ આ ઉંમર દેખાડતો !!
કેટલુંય હું દિલફેંક વર્ત્યો
મનમાં એક વાત યાદ રાખતો
ગયા હવે એ યુવાનીના દિવસો
ભટકેલ મનને લગામમાં રાખતો
પાકેલા વાળની કોઈ દવા નથી
તરૂણ મનને હું દિલાસો આપતો
મનથી તો હજુ વિસનો હું
ધોળો વાળ આ ઉંમર દેખાડતો !!!

- સંજય થોરાત

આર.જી. પટેલ કન્યા શાળાની વિદ્યાર્થીનીઓ સાયકલ રેલીમાં જોડાઈ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના સ્થાપના દિને આર.જી. પટેલ કન્યા શાળાની ૫૦ વિદ્યાર્થીનીઓએ સાયકલ રેલીમાં જોડાઈ શહેરની સફર કરી હતી.

ગાંધીનગર ઉત્તર વિભાગના ધારાસભ્ય અશોકભાઈ પટેલે વિદ્યાર્થીનીઓની સાથે સાયકલ રેલીમાં જોડાઈ રેલીનો પ્રારંભ કર્યો હતો. રેલીમાં ભાગ લનાર સર્વેને અમૂલ દૂધ અને પારલે બિસ્કીટનો નાસ્તો આપ્યો હતો. રેલીમાં ઉર્વશીબેન, હંસાબેન પટેલ, દેવરાજભાઈ દેસાઈ અને મહેન્દ્રભાઈ પટેલ પણ આ રેલીમાં જોડાયા હતાં.

આદર્શ નિવાસી અ.જા. કુમાર શાળામાં વાંચન શિબિર

ગાંધીનગર, તા. ૫

મનની પવિત્રતા અને શુદ્ધ-સાત્વિક વિચારો માટેનું પ્રેરણા સ્તોત્ર પુસ્તક છે. બાળકો સારા પુસ્તકો વિશે જાણે અને વાંચન દ્વારા શુદ્ધ સાત્વિક વિચારોને આત્મસાત કરે તેવા નમ્ર પ્રયાસ રૂપે ગાંધીનગર શહેરની સેક્ટર-૮માં આવેલી આદર્શ નિવાસી અ.જા. કુમાર શાળામાં વાંચન શિબિરનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના ધોરણ-૯ અને ધોરણ-૧૦ના ૩૦ જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ વિષયોમાં રસ-રૂચી પ્રમાણે પુસ્તકોનું વાંચન કર્યું હતું. વાંચન બાદ શાળામાં વિદ્યાર્થીઓએ પોતાના મૌલિક વિચારો રજૂ કર્યા હતા. વાંચન શિબિરમાં બિપીન પરમાર પ્રથમ નંબરે, રાહુલ મકવાણા દ્વિતીય નંબરે અને કિશન પરમાર તૃતીય નંબરે આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન મૌલિક વેગડાએ કર્યું હતું. કાર્યક્રમનું આયોજન ટી.સી. બ્રહ્મભટ્ટે કર્યું હતુ. આચાર્ય એમ.જે. કટારાએ આ પ્રસંગે પુસ્તકો વિશેની માહિતી આપી હતી.

પી.કે.ચૌધરી આર્ટસ કોલેજમાં યોજાયેલ સાહિત્યક સ્પર્ધા

ગાંધીનગર, તા. ૫

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં સાહિત્ય વિષયક જુદી જુદી સ્પર્ધાઓ વકૃતત્વ, કાવ્યપઠન, શીઘ્ર વકતૃત્વ, પાદપૂર્તિ તેમજ કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. વકૃતત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ચૌધરી વૃશાલી, દ્વિતીય ક્રમે પંડ્યા અનુપા તેમજ તૃતીય ક્રમે રામી ધારા વિજેતા બન્યા હતા. કાવ્યપઠન સ્પર્ધામાં પ્રથમ બારોઉમા, -દ્વિતીય પટેલ ઋચા, તૃતીય રાઠોડ આશા રહ્યા હતા. પાદપૂર્તિમાં પ્રથમ સ્વીટી, દ્વિતીય રામી ધારા અને કવીઝમાં પ્રથમ ચૌધરી વૃશાલી, દ્વિતીય પટેલ સેતુ અને ડિમ્પલ પટેલ તૃતીય સ્થાને વિજેતા બન્યા હતા. આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરી તથા અધ્યપકોએ અભિનંદન પાઠવ્યા હતા. સાંસ્કૃતિ પ્રવૃતિના કો.ઓર્ડીનેટર પ્રા. પ્રતિમા છનિયારા, પ્રા. મુન્નાબેન ચૌધરી, પ્રા. સોનલબેન રાઠોડ, પ્રા. તારાબેન દેસાઈ, હીરલબેન રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું.

પી.કે.ચૌધરી આર્ટસ કોલેજની વિદ્યાર્થીનીઓએ ગાંધી આશ્રમની મુલાકાતે

ગાંધીનગર, તા. ૫

શ્રી. પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની સેમેસ્ટર-૫માં અભ્યાસ કરતી ૮૦ વિદ્યાર્થીનીઓએ ફાઉન્ડેશન વિષયમાં ગાંધીયન ફિલોસોફી પેપર અંતર્ગત ગાંધી આશ્રમ સાબરમતીની મુલાકાત લીધી હતી. ગાંધીજીના વિચારો પત્રો સામગ્રી ચરખો વગેરેની વિસ્તૃત માહિતી મેળવી હતી. મ્યુઝિયમ અને લાયબ્રેરીની મુલાકાત લીધી. પ્રા. સોનલ મોદીએ સમગ્ર આયોજન ગોઠવેલ હતું. આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ પ્રોત્સાહન આપેલ હતું.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

લાયોનેસ ક્લબ દ્વારા થેલેસેમિયા જાગૃતિ સેમિનારનું આયોજન કરાયું

કડી કેમ્પસના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓએ થેલેસેમિયા અંગે ગંભીરતાપૂર્વક જાણકારી મેળવી

લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા કોલેજના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓમાં થેલેસેમિયા અંગે જાગૃત કેળવાય એ ઉદેશથી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના જાણીતા રક્તદાતા અને ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીના પ્રતિનિધિ શ્રી સુકેતુભાઈ મહેતાએ થેલેસેમિયા જેવા ગંભીર રોગ અંગે વિગતવાર જાણકારી આપી હતી.

ગાંધીનગરના કડી કેમ્પસ ખાતે યોજાયેલા થેલેસેમિયા જાગૃતિ સેમિનાર દરમિયાન ગાંધીનગરની મેજર રોગ ધરાવતી ૨૯ વર્ષીય યુવતિએ પણ પોતાના અનુભવો જણાવીને આ રોગ નો ભોગ બનતા અટકવા માટે લેવાના પગલાં વિષે અને જરૂરી જાગૃતિ વિષે અસરકારક વક્તવ્ય આપ્યું હતું. વક્તવ્ય પછી પ્રશ્નોત્તરીનું પણ આયોજન કરાયું હતું. આ સેમિનારની વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ પર ઊંડી અસર જોવા મળી હતી.

આ પ્રસંગે કડી યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનના ડીન શ્રીમતી વીણાબેન પટેલ, હેડ ઑફ ડિપાર્ટમેન્ટ શ્રીમતી જિજ્ઞાસાબેન જોષી, શ્રીમતી કુસુમબેન જાદવ તથા પ્રાધ્યાપકો શ્રીમતી સુનિતાબેન લીલાણી અને સુપ્રિયાબેન બેનરજી ઉપસ્થિત રહ્યા હતા.

કડી કેમ્પસની વિવિધ યુનિવર્સિટીઓ અને કોલેજોના પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ અત્યંત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારને સફળ બનાવવામાં લાયોનેસ ક્લબ ઑફ ગાંધીનગર પૂર્વ પ્રમુખ પ્રિયા માણીકે ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે લાયોનેસ ક્લબના પ્રમુખ શ્રીમતી આરતી ભટ્ટ, સેક્રેટરી શ્રીમતી મીનાક્ષી જયસિંઘાણી તથા પૂર્વ પ્રમુખ નીતિકાબેન શાહ તથા લાયોનેસ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

એમબીએ અને એમસીએની ૧૨૮૦૦ બેઠકો ખાલી રહી

રાજ્યમાં ૩૩ કોલેજોમાં એકેય વિદ્યાર્થીએ પ્રવેશ ન લીધો

અમદાવાદ, તા.૦૫

એમબીએ અને એમસીએની પ્રવેશ પ્રક્રિયાના બીજા રાઉન્ડના અંતે રાજ્યના કુલ ૧૨,૮૦૦ બેઠકો ખાલી રહેવા પામી છે જ્યારે કુલ ૩૩ કોલેજોમાં એક પણ વિદ્યાર્થીએ પ્રવેશ લીધો નથી પરીણામે રાજ્યની ૩૩ એમબીએ, એમસીએ કોલેજોને તાળા મારવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ પ્રવેશ સમિતી દ્વારા એમબીએની ૧૨૩ કોલેજોની ૧૦,૪૫૩ બેઠકો, એમબીએની ૮૪ કોલેજોની ૩,૧૫૦ બેઠક અને એમસીએ થર્ડ સેમેસ્ટરની ૮૧ કોલેજોની ૩,૯૪૧ બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં પ્રથમ રાઉન્ડના અંતે રાજ્યમાં કુલ ૧૧,૩૫૪ બેઠકો ખાલી રહી હતી અને રાજ્યની કુલ ૧૮ કોલેજો એવી હતી જેમાં એક પણ વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યો નહતો.

પ્રવેશ સમિતી દ્વારા બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયાના અંતે રાજ્યમાં કુલ ૧૨,૮૦૦ બેઠકો ખાલી રહેવા પામી છે. જ્યારે રાજ્યની કુલ ૩૩ કોલેજોમાં એક પણ વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યો નથી. જેનાં કારણે આ ૩૩ કોલેજોને તાળા મારવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. ઉલ્લેખનીય છે કે એમબીએ અને એમસીએનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ નોકરીની તકોમાં ઘટાડો થયો છે. જેના પગલે વિદ્યાર્થીઓમાં એમબીએ અને એમસીએ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટેના ક્રેઝમાં ઘટાડો થયો છે. એમબીએ અને એમસીએમાં પ્રવેશ માટે લાખોની સંખ્યામાં ફોર્મ ભરાતા તેની જગ્યાએ આ વર્ષ મોટાપાયે બેઠકો ખાલી રહી છે.

UPSCની મેઈન પરીક્ષા પહેલી ડિસેમ્બરે યોજાશે

અમદાવાદ, તા.૦૫

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા સિવિલ સર્વિસીઝની મુખ્ય પરીક્ષા માટે ઓનલાઈન અરજી કરવાની તારીખ જાહેર કરી દેવાઈ છે. જેમાં ઉમેદવારોએ પ્રવેશ ફોર્મ ભરીને ૨૦ ઓગસ્ટથી ૧૦ સપ્ટેમ્બર સુધી જમા કરાવવાના રહેશે જ્યારે યુપીએસસીની મુખ્ય પરીક્ષા પહેલી ડિસેમ્બરે યોજાશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ યુનિયન પબ્લિક સર્વિસ કમિશનર દ્વારા સિવિલ સર્વિસીઝની પ્રિલીમ પરીક્ષાનું આયોજન જુન-૨૦૧૩માં કરવામાં આવ્યું હતું. જેનાં પરીણામો તાજેતરમાં જ જાહેર કરવામાં આવ્યા છે જે મુજબ દેશભરમાંથી અંદાજે ૮,૪૦૦ જેટલા ઉમેદવારો યુપીએસસીની મેઈન પરીક્ષા આપવા માટે સિલેક્ટ થયા છે.

આ ઉમેદવારોની મેઈન પરીક્ષા માટે અરજીપત્રક ભરવાની તારીખ જાહેર કરી દેવાઈ છે. યુપીએસસી દ્વારા જારી કરાયેલા નિવેદન મુજબ પ્રવેશલાયક કરેલા તમામ ઉમેદવારો સિવિલ સર્વીસીઝની મેઈન પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે વિસ્તારની પ્રવેશ ફોર્મ ભરીને ૨૦ ઓગસ્ટથી ૧૦ સપ્ટેમ્બર વચ્ચે જમા કરાવી દેવાની રહેશે. ત્યારબાદ પહેલી ડિસેમ્બર-૨૦૧૩ના રોજ યુપીએસસીની મુખ્ય પરીક્ષા યોજાશે. જેમાં પાસ થનાર ઉમેદવારોને ઈન્ટરવ્યૂ માટે સિલેક્ટ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ભારતમાં યુનિયન પબ્લિક જિલ્લા સ્તરના વિવિધ સરકાર પદો ઉપર ઉમેદવારોની પસંદગી કરવા માટે સિવિલ સર્વિસીઝની પ્રતિસ્પર્ધાત્મક પરીક્ષા લેવાય છે. આ પરીક્ષા ત્રણ ભાગમાં વહેંચાયેલ હોય છે. જેમાં પ્રિલીમ પરીક્ષા જેમાં પાસ થનાર વિદ્યાર્થીઓ માટે મેઈન પરીક્ષા અને તેમાં સિલેક્ટ થનાર વિદ્યાર્થીઓ માટે ઈન્ટરવ્યૂની વ્યવસ્થા હોય છે.

ગણપતપુરા (જેઠીપુરા)માં પર્યાવરણ પ્રદર્શન યોજાયું

સી.આર.સી. લવારપુર કક્ષાનો વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન ગણપુરા (જેઠીપુરા) પ્રાથમિક શાળામાં તેનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં પ્રદર્શનમાં પાંચ વિભાગમાં કૃતિઓ મુકવામાં આવી હતી. તેમાં સી.આર.સી.માં આવેલી પાંચ શાળાના બાળકોએ ભાગ લીધો હતો. ગામના સરપંચ, પંચાયતના સભ્યો, સી.એમ.સી.ના સભ્યો, ગ્રામજનો અને આજુબાજુની શાળામાં આવેલા શિક્ષકો વગેરે હાજર રહી ભાગ લીધો હતો. બાળકોને પ્રોત્સાહન ઈનામ આપી દરેક બાળકને પ્રોત્સાહન આપ્યું. જે બદલ શાળા પરિવારને ગામના સરપંચ, ગ્રામજનોને અભિનંદન આપ્યા હતા.

ભગવાનનો આભાર માન કે તું...ગરીબ છો... બાકી, તને આ બિમારી એવી છે કે જો તારી પાસે પૈસા હોત તો દવા ખાઈ ખાઈને વહેલો મરી જાત...!!

એસ.એસ.સી.ની પૂરક પરીક્ષાનું ૮મીએ પરિણામ

ગાંધીનગર, તા.૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા લેવાયેલ ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા સામાન્ય પ્રવાહ, વ્યવસાય લક્ષી પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ તથા સંસ્કૃત માધ્યમ તથા વિજ્ઞાન પ્રવાહ ધોરણ-૧૨ જૂનો કોર્ષ અને સેમેસ્ટર-૪ની જુલાઈ ૨૦૧૩માં લેવાયેલી પૂરક પરીક્ષાનું પરીણામ ૮મી ઓગષ્ટ ૨૦૧૩ને ગુરૂવારે જાહેર કરવામાં આવશે.

રાજયની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યોને જણાવાયું છે કે, ૮મી ઓગષ્ટ ૨૦૧૩ના રોજ સવારે ૧૦ થી ૪ કલાક સુધીમાં જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતથી પોતાની શાળાનું પરિણામ શાળાના પ્રતિનિધિએ અધિકાર પત્ર આપીને મેળવી લેવા જણાવ્યું છે. પરીક્ષાનું પરીણામ વેબસાઈટ પર જાહેર કરવામાં આવનાર નથી જેથી વિતરણ સ્થળેથી પરિણામ મેળવીને શાળાના વિદ્યાર્થીઓને સત્વરે પહોંચતું કરવા જણાવ્યું છે.

શાળાકીય રમતોત્સવની કુસ્તી સ્પર્ધામાં મ. ભ. શાળા ઝળકી

ગાંધીનગર, તા.૫

શેઠ મનસુખભાઈ ભગુભાઈ મેમોરીયલ ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળા પેથાપુરના વિદ્યાર્થી ખેલાડીઓએ તાજેતરમાં યોજાયેલી શાળાકીય રમતોત્સવની કુસ્તી સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતીય સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

શાળાકીય રમતોત્સવમાં અંડર-૧૪, અંડર-૧૭ અને અંડર-૧૯ની કુસ્તી સ્પર્ધામાં મ.ભ. શાળાના પ્રતીક વાઘેલા, ભૌમિક શેનવા, દેવરાજસિંહ વાઘેલા, સાહિલકુસેન ભટ્ટી, ટેવેન્દ્રસિંહ ડાભીનો પ્રથમ નંબર તથા ઉઝેર મહંમદ પાલારી, જયદીપકુમાર કોટેડ, મહિપાલસિંહ વાઘેલા અને રવિન્દ્રસિંહ વાઘેલાનો દ્વિતીય નંબર આવ્યો હતો. પ્રથમ અને દ્વિતીય સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધારનાર ખેલાડીઓને આચાર્યા ભાવનાબેન પટેલ અને માર્ગદર્શક હરેશભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતાં.

સોશિયલ નેટવર્કિંગ અને શિક્ષણ

સોશિયલ નેટવર્કિંગના ઉપયોગ વિશે સતત ચર્ચા થતી રહી છે. ફેસબુક અને ટ્વીટર જેવી સાઈટ્સ સમાજ માટે ઉપયોગી છે કે બિનઉપયોગી એ ચર્ચાનો કોઈ એકપક્ષીય ચોક્કસ જવાબ આપવો અઘરો છે. એમાં વૉટ્સપનો ઉમેરો થાય છે. આ પ્રકારની સાઈટ્સ સમાજિક સંબંધો મજબૂત કરવા માટે છે કે પછી એને કારણે સામાજિક સંબંધોમાં તિરાડો ઉદ્‌ભવવા લાગી છે?- આ પ્રકારના પ્રશ્નો સતત ચર્ચાના રહ્યા છે પણ આજે અહીં આ પ્રશ્નોની ચર્ચા કરવાનો કોઈ ઉપક્રમ નથી.

સોશિયલ નેટવર્કિંગના ઉપયોગ વિશેનો સવાલ એટલા માટે ઉદ્‌ભવ્યો કે હમણાં અમદાવાદની આશ્રમ રોડ સ્થિત ગર્લ્સ સ્કુલની એક ભૂતપૂર્વ વિદ્યાર્થીનીએ એનો દુરપયોગ કર્યો. આ વિદ્યાર્થીનીએ ડમી નામથી ડમી એકાઉન્ટ બનાવીને પોતાની આ ભૂતપૂર્વ શાળા બદનામ થાય અને એક શિક્ષિકાને લગતી બિભત્સને અશ્લીલ વિગતો આ સાઈટ્સ ઉપર મૂકી છે. પોલીસ આ વિદ્યાર્થીની સુધી પહોંચી ત્યારે આ વિદ્યાર્થીનીનો પહેલો પ્રશ્ન એ હતો કે તમે મારા સુધી કેવી રીતે પહોંચ્યા? આ વિદ્યાર્થીનીને એમ હતું કે ડમી એકાઉન્ટ દ્વારા આ સઘળું કરવાથી એના સુધી કોઈ પહોંચી નહીં શેક.

સોશિયલ નેટવર્કિંગની સૌથી નબળી બાજુ જ એ છે કે એ બિલકુલ વિશ્વસનીય નથી. તમે જેને મિત્ર બનાવો છો કે તમે જેની સાથે મિત્રતા બાંધો છો એની તમામ વિગતો સાચી છે કે કેમ એની પરખ થઈ શકતી નથી. એટલે જ ગુનાહિત પ્રવૃત્તિઓ, કોઈને બદનામ કરવાનું ષડયંત્ર, અશ્લીલ તસવીરો આ બધું જ હવે આ પ્રકારની સાઈટ્સ પર દિવસે ને દિવસે વધતા જાય છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે, આ પ્રકારની સાઈટ્સનો શિક્ષણના લાભાર્થી ઉપયોગ કરી શકાય કે કેમ? અમદાવાદની એ વિદ્યાર્થીનીએ અંગત કારણોસર પોતાની શાળા અને પોતાની શિક્ષિકાને બદનામ કરી હશે પણ આ પ્રકારની સાઈટસના ઉપયોગથી કશુંક હકારાત્મક થઈ શકે કે કેમ?

આ પ્રકારની સાઈટ્સનો ઉપયોગ કરવાથી ગુજરાતી કવિઓની સંખ્યા રાતોરાત વધી ગઈ છે. કેટલાક તો ફેસબુક કે ટ્વીટર માટે જ કવિતા લખે છે, બાકી એમને કવિતા જોડે કંઈ બહુ નિસબત નથી. આવા ઘાણીફૂટ કવિઓ ફેસબુક પર કવિતા સાથે માથાકૂટ કરતા રહે છે. પણ આમાં ક્યારેક સરસ કવિતા પણ વાંચવા મળે છે એની ના પાડી શકાય એમ નથી.

વિવિધ શૈક્ષણિક સંકુલોમાં થતી પ્રવૃત્તિઓની વિગતો આ પ્રકારની સાઈટ્સ પરથી જાણી શકાય છે. અંગત વાત કરીને કહું તો મેં જે કોલેજમાંથી સ્નાતક કર્યું હતું તે સરત નજીકની અમરોલી આર્ટસ કોલેજમાં થતી પ્રવૃત્તિઓની વિગતો મને ફેસબુક પરથી મળે છે અને એ રીતે મને મારી કોલેજ વિશેની જાણકારી મળતી રહે છે. કેટલીક વાર એવું પણ થયું છે કે, કંઈ કોલેજ સારો પરિસંવાદ કરવાની હોય કે સારો પરિસંવાદ થઈ ગયો હોય તો એની વિગતો અને તસવીરો પણ ફેસબુક ઉપરથી મળી રહે છે. જેનાથી પણ શિક્ષણક્ષેત્રે શું ચાલી રહ્યું છે એનો એક ખ્યાલ આવે છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતના નવા ગુજરાતી વિભાગે હમણાં સંજ્ઞાઓ વિશે તો પરિસંવાદ કર્યો કે પદ્ય સભાના ઉપક્રમે નયન હ. દેસાઈનો કાર્યક્રમ કર્યો એની વિગતો અને તસવીરો મને ફેસબુક પરથી જ જોવા અને જાણવા મળી છે. મુદ્દો એ છે કે સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સ એ સારી શૈક્ષણિક પ્રવૃત્તિના પ્રચાર-પ્રસારનું માધ્યમ બની શકે એવું સશક્ત માધ્યમ છે.

આ પ્રકારના માધ્યમનો જે રીતે ઉપયોગ વધી રહ્યો છે. એ જોતા એમ લાગે છે કે, એના સદુપયોગ વિશે એના વપરાશ કર્તાઓને બહુ ઓછો ખ્યાલ છે. ખાસ કરીને ટીનેજર્સને આ બાબતનો ખ્યાલ આપે છે હોવાનો સંભવ છે, એટલે, એમને તો અભિષ્ટ તકયો દ્વારા જેમ દોરવામાં આવે એ દોરવાતા જાય છે ને છીછરી વર્તણૂક કરી બેસે છે. આ પ્રકારની સાઈટસએ રચનાત્મક કાર્ય માટે પણ ઉપયોગી થઈ શકે છે એવું જો એમને સમજાવવામાં આવે તો સોશિયલ નેટવર્કિંગના ફાયદા ઘણા છે એની ના પાડી શકાય એમ નથી. ???

કેમ્પસ
- ધ્વનિલ પારેખ